પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૨૬ | ૨૬ ઓક્ટોબર, ૨૦૧૯, શનિવાર; આસો વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# હરિયાણામાં બીજેપી-જેજેપીની સંયુક્ત સરકાર

**ભાજપના મનોહર ખટ્ટર પુનઃ મુખ્યમંત્રી બનશે જ્યારે જેજેપીના દુષ્યંત ચૌટાલા નાયબ મુખ્યમંત્રી બનશે : બંને પક્ષો સાથે મંત્રીમંડળની રચના કરાશે**



નવી દિલ્હી,તા. ૨૫

હરિયાણામાં ભાજપની સરકાર વધુ એક વખત સત્તા ગ્રહણ કરી રહી છે. ત્રિશંકુ વિધાનસભાના પરિણામોના પગલે ગૃહમંત્રી શ્રી અમિત શાહે સીધો હસ્તક્ષેપ કરીને જેજેપીના નેતાઓને સરકારમાં જોડાવા રાજી કર્યા હતા. જેજેપીના દુષ્યંત ચૌટાલાએ પણ ભાજપના નિમંત્રણનો સ્વીકાર કરી સત્તામાં જોડાવાની જાહેરાત કરી હતી. ગૃહમંત્રી શ્રી અમિત શાહ, પક્ષના કાર્યકારી અધ્યક્ષ જ્યોતિ નડ્ડા અને હરિયાણા ભાજપના પદાધિકારીઓ સાથે રાતભર ચર્ચા બાદ આજે વહેલી સવારે જાહેરાત કરાઈ હતી. આવતીકાલે ચંદીગઢ ખાતે વિધાનસભા પક્ષની બેઠકમાં મનોહર ખટ્ટરની વિધિવત નેતાપદે વરણી થશે. જ્યાં નિરીક્ષક તરીકે નાણામંત્રી નિર્મલા સીતારામન અને સાંસદ અરૂણસિંહ હાજર રહેશે.

હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી ચુકી છે પરંતુ પાર્ટી માટે આ પરિણામ થોડાક નિરાશાજનક રહ્યા બાદ ભાજપના ટોપના નેતાઓએ વાતચીતનો સિલસિલો જારી રાખ્યો હતો. આના ભાગરુપે હરિયાણામાં સરકાર બનાવવાને લઈને સમગ્ર રાત્રિ ગાળા દરમિયાન વાતચીતનો દોર ચાલ્યો હતો.

બીજી બાજુ ભાજપને સરકાર બનાવવા આડેની અડચણો હવે દૂર થઈ ચુકી છે. કારણ કે, જેજપી ભાજપને ટેકો આપવા માટે તૈયાર થઈ ગયા છે. હરિયાણામાં ૪૦ સીટ મળ્યા બાદ આ વખતે અપક્ષ ઉમેદવારોની મદદથી સરકાર બનાવવાની તૈયારી કરવામાં આવી હતી. જાકે ગૃહમંત્રી અમિત શાહના હસ્તક્ષેપથી સરકાર રચવા બાબતેની તમામ અડચણો દૂર થઈ હતી.

## જેજેપી ધારાસભ્ય સરકારની રચનાને લઈ ભારે વિભાજિત

**કેટલાક કોંગ્રેસ, કેટલાક ભાજપને ટેકો આપવા ઇચ્છુક : તમામની મહત્વકાંક્ષા અને ઇચ્છાશક્તિ હોય છે : અપક્ષ ધારાસભ્ય નયનપાલ રાવત દ્વારા સ્પષ્ટ પ્રતિક્રિયા અપાઈ**



ચંદીગઢ, તા. ૨૫


હરિયાણામાં વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરીને સપાટી ઉપર આવી છે પરંતુ સરકાર બનાવવા માટે તેની પાસે પુરતી સંખ્યા નહીં હોવાથી હવે અપક્ષોનો ટેકો લેવામાં આવ્યો છે. આજે હરિયાણામાં સરકાર બનાવવાની ચાલી રહેલી કવાયત વચ્ચે જેજેપીના નેતા દુષ્યંત ચૌટાલાએ કહ્યું હતું કે, તેમના કેટલાક ધારાસભ્યો કોંગ્રેસને સાથ આપવા અને કેટલાક ધારાસભ્યો ભાજપની સાથે જઈને સરકાર બનાવવાની વાત કરી રહ્યા છે. આગામી થોડાક દિવસમાં આ સંદર્ભમાં નિર્ણય લેવામાં આવશે. અપક્ષ ધારાસભ્ય નયનપાલ રાવતે કહ્યું છે કે, કોઈને પણ મંત્રી બનાવવાનું કામ મુખ્યમંત્રી અને પાર્ટી નેતૃત્વનો અધિકાર છે. તમામની મહત્વકાંક્ષા રહે છે. તેમની પોતાની પણ મહત્વકાંક્ષા અને ઈચ્છાશક્તિ રહેલી છે. તેમને પણ સામેલ કરવામાં આવે તેવી ઈચ્છા છે જેથી તેમના ક્ષેત્રના લોકોના વિકાસ કામને તેઓ આગળ વધારી શકે. ભાજપના વરિષ્ઠ નેતા દ્વારા બેઠકોના દોર ચાલી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગુજરાત કેડરના નિવૃત્ત સનદી અધિકારી જી. સી મુર્મુ કાશ્મીરના ઉપરાજ્યાલ

ન્યુ દિલ્હી,તા.૨૫

રાષ્ટ્રપતિ ભવનની અખબારી યાદી મુજબ ગુજરાત કેડરના નિવૃત્ત સનદી અધિકારી શ્રી જી. સી મુર્મુ જમ્મુ અને કાશ્મીરના



લેફ્ટનન ગર્વનર તરીકે નિમાયા છે. જ્યારે કાશ્મીરના ગવર્નર સત્પાલ મલિક ગોવાના રાજ્યપાલ પદે નિમાયા છે. રાધાકૃષ્ણ માથુર લડાખના લેફટનન ગવર્નર તરીકે નિમાયા છે. જ્યારે પી.એસ. શ્રીધરનપિલ્લાઈ મિઝોરમના ગવર્નર તરીકે નિમાયા છે.

ગુજરાતના વિવિધ વિભાગોમાં મહત્વની સેવાઓ આપી પ્રધાનમંત્રી કાર્યાલયમાં અતિમહત્વની જવાબદારી સંભાળતા નિવૃત્ત સનદી અધિકારી જી. સી. મુર્મુની કાશ્મીરના લેફટનન ગવર્નર તરીકે નિમણુંક થતાં ગુજરાતના ઉચ્ચ અધિકારીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

## પીઓકેમાં તિરંગો લહેરાય એ દિવસો દૂર નથી : કેન્દ્રીયમંત્રી જીતેન્દ્રસિંહ

ન્યુ દિલ્હી,તા.૨૫

પાકિસ્તાનના કબજાવાળા કાશ્મીર (પીઓકે)માં તિરંગો લહેરાય એ દિવસો દૂર ન હોવાની વાત કેન્દ્રીય પ્રધાન જિતેન્દ્રસિંહે કહી હતી.

જમ્મુ અને કાશ્મીરમાં ચેનાની-નશરી ટનલને નવું નામ આપવા માટે યોજાયેલા કાર્યક્રમમાં ભાગ લેવા પહોંચેલા સિંહે જણાવ્યું હતું કે જે રીતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં ભારત આગેકૂચ કરી રહ્યું છે, એ જોતા મને પાક્કો વિશ્ર્વાસ છે કે જે કારણસર શ્યામાપ્રસાદ મુખરજીએ પોતાનો જીવ ગુમાવ્યો એ પીઓકેમાં તિરંગો લહેરાય એ દિવસો દૂર નથી.

સમય વેડફ્યા વગર ટનલને શ્યામાપ્રસાદ મુખરજીનું નામ આપવાના પ્રસ્તાવને મંજૂર કરવાનો શ્રેય સિંહે કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે પ્રધાન નીતિન ગડકરીને આપ્યો હતો.

સિંહે જણાવ્યું હતું કે ૬૬ વર્ષ અગાઉ ૧૧ મે ૧૯૫૩ના દિવસે વગર એફઆઈઆર, ચેતવણી કે ચાર્જશીટ શ્યામાપ્રસાદની ગેરકાયદે ધરપકડ કરવામાં આવી હતી અને એમને ચેનાની-નશરી માર્ગે શ્રીનગર લઈ જવાયા હતા. શ્યામાપ્રસાદના ૨૩ જૂન ૧૯૫૩માં મૃત્યુ બાદ એમની માતાએ તત્કાલીન વડા પ્રધાન જવાહરલાલ નહેરુને પત્ર લખીને આ મામલે તપાસ કરાવવાની વિનંતી કરી હતી, પણ કોઈક કારણસર નહેરુએ એ પત્ર પર ધ્યાન નહોતું આપ્યું અને કોઈ તપાસ નહોતી કરાવાઈ. હવે નવો યુગ છે. એ વખતે નહેરુની સરકાર હતી, પણ આજે મોદીની સરકાર છે. એ તપાસ કે ત્યારે થયેલી ભૂલ સુધારી ન શકાય કે એની ભરપાઈ ન થઈ શકે, પણ આ શ્રદ્ધાંજલિથી આવનાર પેઢી એમનો વારસો અને યાદ સંઘરી રાખશે.






## ઓસ્ટ્રેલિયન વડાપ્રધાન સ્કોટ મોરિસન પાણી લઈને મેદાનમાં દોડીને પહોંચ્યા

કેનબેરા, તા. ૨૫

ખેલના મેદાન પર કેટલીક વખત એવા બનાવ બને છે જેના કારણે તમામ ચાહકો ખુબ પ્રભાવિત થઈ જાય છે અને આવા બનાવોના દાખલા વર્ષો સુધી આપવામાં આવે છે. હવે આવી જ એક ઘટના ઓસ્ટ્રેલિયન ક્રિકેટ મેદાન પર લોકોના દિલમાં હંમેશા રહી જાય તેવી ઘટના બની છે. મનુકા ઓવલ મેદાન પર રમાયેલી એક મેચમાં ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સ્કોટ મોરિસન પોતાના ખેલાડીઓને ૧૨ ખેલાડી તરીકે પોતે પાણી લઈને પહોંચ્યા હતા.



સોશિયલ મિડિયા ઉપર લોકો ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાનની આ ભાવનાની જોરદાર પ્રશંસા કરી રહ્યા છે. ભાવના તરીકે ખેલાડીઓને એ બાબત શીખવાડવામાં આવે છે કે, ખેલના મેદાન પર કોઈપણ વ્યક્તિ નાની મોટી હોતી નથી. ગુરુવારના દિવસે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન જ્યારે ખેલાડીઓ માટે ડ્રિન્ક્સ લઈને મેદાન પર પહોંચ્યા ત્યારે તેઓએ ખેલની આ ભાવનાને ફરી એકવાર સાચી સાબિત કરી બતાવી હતી. હકીકતમાં શ્રીલંકાની ટીમ હાલના દિવસોમાં ઓસ્ટ્રેલિયાના પ્રવાસ પર છે. મનુકા ઓવલ મેદાન પર શ્રીલંકન ટીમ પ્રેક્ટિસ મેચ તરીકે પોતાની એક મેચ વડાપ્રધાન ઈલેવન સામે રમી રહી છે. આ ટીમ ટ્વેન્ટી-૨૦ મેચમાં વડાપ્રધાન સ્ટોક મોરિશન વોટરબોય તરીકે નજરે પડ્યા હતા. મેદાન પર ક્રેટમાં પાણી લઈને તમામ લોકોને ચોંકાવી દીધા હતા. ટીમના ખેલાડીઓ જ નહીં બલ્કે દર્શક તરીકે બેઠેલા લોકો પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા.






## જૈફ બેજોસને પછાડી બિલ ગેટ્સ પુનઃ સૌથી અમીર બન્યા

નવીદિલ્હી, તા. ૨૫

એમેઝોનના સ્થાપક જૈફ બેજોસ હવે દુનિયાના સૌથી અમીર વ્યક્તિ તરીકે રહ્યા નથી. ફરી એકવાર માઈક્રોસોફ્ટના બિલ ગેટ્સ દુનિયાના સૌથી અમીર બની ગયા છે. બિલ ગેટ્સ સૌથી વધારે સંપત્તિ સાથે પ્રથમ સ્થાને પહોંચી ગયા છે. ત્રીજા ત્રિમાસિક ગાળાના પરિણામ બાદ બેજોસની સંપત્તિ આજે સાત અબજ ડોલર સુધી ઘટી ગઈ છે. બેજોસની કુલ સંપત્તિ ઘટીને હવે ૧૦૩.૯૦ અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે. જ્યારે બિલ ગેટ્સની સંપત્તિ ૧૦૫.૭૦ અબજ ડોલર રહી છે. વર્ષ ૨૦૧૮થી પહેલા બિલ ગેટ્સ સતત ૨૪ વર્ષ સુધી દુનિયાના સૌથી અમીર વ્યક્તિ



તરીકે રહ્યા હતા. એ વર્ષે જૈફ બેજોસની કુલ સંપત્તિ ૧૬૦ અબજ ડોલર સુધી પહોંચી ગઈ હતી. તેઓ દુનિયાના સૌથી અમીર વ્યક્તિ બની ગયા હતા. ફોર્બ્સની રિપોર્ટ મુજબ એમેઝોનની નેટ ઈન્કમ ત્રીજા ત્રિમાસિક ગાળામાં ૨૬ ટકાનો ઘટાડો થયો છે. ૨૦૧૭ બાદ આ પ્રથમ ત્રિમાસિક ગાળો છે જ્યારે કંપનીને ભારે નુકસાન થયું છે. ૧૯૮૭માં ફોર્બ્સની લિસ્ટમાં બિલ ગેટ્સ સામેલ થયા હતા.







